આંક–૦૮

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (D) નંબર : ૯૬/૨૦૨૦**

પ્રથમ પક્ષકાર : જનરલ મેનેજર,આઈનોકસ વિન્ડ લી.
પ્લોટ નં.૧૨૮,ખાસરા રોડ,ગામ–રોહીકા,અમદાવાદ–રાજકોટ હાઈવે
એન.એચ.–૮(એ),બાવળા,અમદાવાદ

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ
બીજો માળ,અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ,અમદાવાદ

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એ.જે.ભટ્ટ.
બીજા પક્ષકાર તરફે : શ્રી એમ.એચ.સંઘરીચાત

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના આ કામના અરજદારે સામાવાળા સંસ્થા પાસેથી શ્રમયોગીના લાભો માટેની માંગણી અનુસંધાને મદદનીશ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ સમક્ષ તે અંગેનો ઔદ્યોગીક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહું વિવાદનું સમાધાન નહી થતાં, સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/એસએચએમસીઆર–ક– ૩૪૫૯૫ /આઈડીઆર/એજે/૪૫૨/૨૦૨૦ થી પત્ર ક્રમાંક :૧૬૫૧૫, તા.૨૬/૦૮/૨૦૨૦ અત્રે ની કોર્ટને ન્યાચ નિર્ણય અર્થે સુપરત કરેલ.

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગીક વિવાદ ન્યાચ નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ. ત્યારબાદ સદરહુ કામ સામાવાળાના જવાબ રજુ કરવાના તબકકે હોય ત્યારે અરજદાર તરફેના પ્રતિનિધિની સહીથી આંક–૭ ની પુરસીસ રજુ કરીને જણાવેલ છે કે, સદર કામમાં અરજદાર/કામદારને કાયદા મુજબ ઓવર ટાઈમની રકમ ચુકવાઈ ગયેલ હોવાથી સદર કામ આગળ ચલાવવાનું રહેતું ન હોઈ, સદર કેસ પરત ખેંચે છે. જે પુરસીસ નોંધવામાં આવેલ અને કામ હુકમ ઉપર મુકવામાં આવેલ અને તે અન્વયે હાલનો કેસ વિડ્રો કરતા હોઈ, જેથી લોક–અદાલતમાં તે બાબતે હુકમ કરી કામ ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૧/૧૨/૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

P V CHUDASAMA,P.A